

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

અબ તો એક ही આગ ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 39 ■ તા. 04-10-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

હોર્મુઝમાં ફરી માહોલ ગરમાયો

હોર્મુઝની સામુદ્રધુનીમાં ટેન્કર પર હુમલો, પાંચ ભારતીય સુરક્ષિત બચાવી લેવાયા

કુવૈતનો ધ્વજ ધરાવતું અને ક્રૂડ ઓઈલ લઈને ટોગોના લોમે બંદર તરફ જઈ રહેલું ટેન્કર 'MT કાઝીમા-૩' હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું

નવી દિલ્હી, તા.૩

મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે અત્યંત વ્યૂહાત્મક ગણાતા હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ જહાજો પર થઈ રહેલા હુમલા અટકવાનું નામ નથી લઈ રહ્યા. મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા કુવૈતી ક્રૂડ ઓઈલ ટેન્કર પર મિસાઈલ હુમલો થયો હતો. આ ટેન્કર પર સવાર 5 ભારતીય નાગરિકોને ભારતીય મિશન અને ઓમાનના સંયુક્ત પ્રયાસોથી સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરીને કિનારે લાવવામાં આવ્યા હતા.અહેવાલો અનુસાર, કુવૈતનો ધ્વજ ધરાવતું અને ક્રૂડ ઓઈલ લઈને ટોગોના લોમે બંદર તરફ જઈ રહેલું ટેન્કર 'MT કાઝીમા-3' હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેના પર મિસાઈલ વડે હુમલો કરાયો હતો. હુમલાના કારણે ટેન્કરને નુકસાન પહોંચ્યું હતું, જોકે જહાજ પર સવાર તમામ પાંચેય ભારતીયોને આબાદ બચાવી લેવાયા છે.ઓમાનની રાજધાની મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપતાં જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં હુમલાનો ભોગ બનેલા કુવૈતી ટેન્કર પરના પાંચેય ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને શનિવારે કિનારે લાવવામાં આવ્યા છે. ભારતીય મિશને આ બચાવ કામગીરીમાં મહત્વપૂર્ણ સહયોગ આપવા બદલ ઓમાનનો આભાર માન્યો હતો.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તાજેતરમાં મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, 'આ વિસ્તારમાં કાર્યરત વ્યાપારી જહાજોમાં 4,500થી વધુ ભારતીય ખલાસીઓ સેવા આપી રહ્યા છે. જેમાંથી 12 સક્રિય કાર્ગો જહાજોમાં 163 ભારતીય ખલાસીઓ તહેનાત છે. આ 12 જહાજો પૈકી 6 ભારતીય ધ્વજવાળા અને 6 વિદેશી ધ્વજવાળા જહાજો છે જે ભારત માટે માલસામાનનું પરિવહન કરી રહ્યા છે. પર્શિયન ગલ્ફ અને દરિયાઈ માર્ગો પર



વધતા સુરક્ષા જોખમો વચ્ચે ભારત સરકાર પોતાના તમામ નાગરિકો અને ખલાસીઓની સુરક્ષા પર સતત નજર રાખી રહી છે.'

ટ્રમ્પની દાદાગીરી સામે ઝૂક્યા G7 દેશો

ઈમરજન્સી રિઝર્વમાંથી ૧૦ કરોડ બેરલ ઓઈલ-ડીઝલ આપવા તૈયાર

યુરોપ હાલમાં અમેરિકી ડીઝલ પર વધુ નિર્ભર હોવાથી તેના પર આર્થિક સંકટ ઘેરાવાનો ભય

ન્યુયોર્ક, તા.૩

વિશ્વના અગ્રણી દેશોના સમૂહ G7એ વૈશ્વિક બજારમાં બળતણના સતત વધતા ભાવને અંકુશમાં લેવા અને પુરવઠો જાળવી રાખવા માટે એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લીધો છે. G7 દેશો પોતાના કટોકટીના અનામત ભંડાર (ઈમરજન્સી રિઝર્વ)માંથી આશરે 10 કરોડ (100 મિલિયન) બેરલ ક્રૂડ ઓઈલ અને ડીઝલ બજારમાં છોડવા માટે સંમત થયા છે. આ ઉપરાંત તમામ સભ્ય દેશોએ આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જાની નિકાસ પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ ન લાદવાની ખાતરી પણ આપી છે.આ વ્યાપક નિર્ણય પાછળ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ભારે રાજકીય અને આર્થિક દબાણ કામ કરી ગયું હોવાનું માનવામાં આવે છે. આગામી નવેમ્બર માસમાં યોજાનારી મિડટર્મ ચૂંટણીઓ પહેલાં અમેરિકામાં પેટ્રોલ-ડીઝલના ભાવ કાબૂમાં લાવવા ટ્રમ્પ પ્રશાસન આક્રમક વલણ અપનાવી રહ્યું છે. ટ્રમ્પે યુરોપિયન યુનિયન (EU)ને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો તેઓ પોતાના ઈમરજન્સી ડીઝલ ભંડારમાંથી પુરવઠો ખુલ્લો નહીં કરે, તો અમેરિકા યુરોપ તરફ થતી ડીઝલની નિકાસ પર સંપૂર્ણ બ્રેક લગાવી દેશે. યુરોપ હાલમાં અમેરિકી ડીઝલ પર વધુ નિર્ભર હોવાથી તેના પર આર્થિક સંકટ ઘેરાવાનો ભય હતો, જેના કારણે અંતે G7 દેશોને નમતું જોખવું પડ્યું હતું.ઉલ્લેખનીય છે કે, ઈરાન સાથેના સંઘર્ષ અને યુદ્ધ જેવી પરિસ્થિતિ બાદ આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી (IEA)ની આગેવાની હેઠળ માર્ચ મહિનામાં 40 કરોડ બેરલ તેલ બહાર પાડવાની ઐતિહાસિક સમજૂતી થઈ હતી. IEAના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ફાતિહ બિરોલના જણાવ્યા મુજબ, અગાઉની સમજૂતીનો બે-તૃતીયાંશ હિસ્સો રજૂ થઈ ચૂક્યો છે. આ નવા 10 કરોડ બેરલનો જથ્થો IEAના તાલમેલથી બજારમાં મૂકવામાં આવશે, જેથી ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઝડપી ઘટાડો લાવી શકાય.G7ના સંયુક્ત નિવેદન બાદ વૈશ્વિક ઈંધણ બજારને મોટી રાહત મળવાની આશા છે. જોકે, આ 10 કરોડ બેરલમાંથી કેટલો જથ્થો અગાઉની માર્ચ સમજૂતીનો બાકી રહેલો ભાગ છે તે અંગે હજુ પૂરી સ્પષ્ટતા થઈ નથી.

બ્રિટન પાસે ૪૦ દિવસનો અનામત જથ્થો છે

બ્રિટનમાં ડીઝલ કટોકટી, ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીથી યુરોપમાં ગભરાટ ફેલાયો



વોશિંગ્ટન, તા.૩

બ્રિટનમાં ડીઝલ કટોકટી, ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીથી યુરોપમાં ગભરાટ ફેલાયો. બ્રિટનમાં ડીઝલનો ભાવ પહેલી વાર પ્રતિ લિટર ૨ યુરો (લગભગ ૨૧૬ રૂપિયા) ને વટાવી ગયો છે. ડીઝલનો સરેરાશ ભાવ પ્રતિ લિટર ૨૦૦. ૦૧ પેન્સ સુધી વધી ગયો છે.બ્રિટનમાં ડીઝલનો ભાવ પહેલી વાર પ્રતિ લિટર ૨ યુરો (લગભગ ૨૧૬ રૂપિયા) ને વટાવી ગયો છે. ડીઝલનો સરેરાશ ભાવ પ્રતિ લિટર ૨૦૦.૦૧ પેન્સ સુધી વધી ગયો છે. ઈંધણના ભાવમાં આ ઝડપી વધારો ચિંતાનું કારણ છે, કારણ કે તે સૂચવે છે કે શિયાળામાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. ડીઝલનું સંકટ પણ ક્ષિતિજ પર હોઈ શકે છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ યુરોપિયન દેશો પર દબાણ કરી રહ્યા છે કે તેઓ વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે તેમના ભંડારમાંથી ડીઝલ ઈંધણ બજારમાં છોડે. ટ્રમ્પે ચેતવણી પણ આપી છે કે જો સાથી દેશો આમ કરવામાં નિષ્ફળ જાય, તો અમેરિકા ડીઝલની નિકાસ પર પ્રતિબંધ લાદી શકે છે.ભરવાનો ખર્ચ હવે લગભગ ૧૧૦ યુરો (૧૧.૯ હજાર રૂપિયા) થયો છે. આ યુએસ-ઈરાન યુદ્ધના સમય કરતાં લગભગ ૩૨ યુરો (૩૪૬૭ રૂપિયા) વધુ છે. પોલિસી ચીફ સિમોન વિલિયમ્સે જણાવ્યું હતું કે ડીઝલના ભાવમાં સતત વધારો સામાન્ય લોકો અને પરિવહન, ડિલિવરી અને વધુ વાહનો ચલાવવા સાથે સંકળાયેલી કંપનીઓ બંને માટે નોંધપાત્ર સમસ્યાઓનું કારણ બની રહ્યો છે.

કેટલાક નિષ્ણાતોનો અંદાજ છે કે જો યુએસ ડીઝલ નિકાસ પર પ્રતિબંધ મૂકે છે, તો બ્રિટનમાં ડીઝલની કિંમત પ્રતિ લિટર ૩ યુરો સુધી પહોંચી શકે છે.અમેરિકાએ યુરોપિયન દેશોને તેમના ડીઝલ ભંડારનો ઉપયોગ કરવા કહ્યું છે. અહેવાલો અનુસાર, અમેરિકા ઈચ્છે છે કે યુરોપિયન યુનિયન આગામી છ મહિનામાં બજારમાં આશરે ૧૨૦ મિલિયન બેરલ ડીઝલ મુક્ત કરે. યુએસ ઉર્જા સચિવ ક્રિસ રાઈટે કહ્યું છે કે યુરોપ ટૂંક સમયમાં વધારાના ડીઝલ પુરવઠાની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. દરમિયાન, યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે યુરોપિયન દેશોને તાત્કાલિક તેમના ડીઝલ ભંડાર મુક્ત કરવા વિનંતી કરી છે.એ નોંધવું જોઈએ કે બ્રિટન પાસે લગભગ ૪૦ દિવસ ચાલે તેટલો ડીઝલનો ભંડાર છે. દરમિયાન, કેટલાક અન્ય યુરોપિયન દેશોમાં ૨૦૦ દિવસથી વધુ સમય માટે અનામત જથ્થો છે. બ્રિટનના ડીઝલ પુરવઠાનો લગભગ એક ચતુર્થાંશ ભાગ યુનાઈટેડ સ્ટેટ્સમાંથી આવે છે.

કેપ્ટન સ્મિત મચ્છાર પર હુમલો કરનાર ઓમાની કો-પાયલટની ઓળખ જાહેર

દુબઈ, તા.૩

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073 માં કેપ્ટન પર ચપ્પુ વડે હુમલો કરી પ્લેન ક્રેશ કરવાનો પ્રયાસ કરનારા કો-પાઈલટ અંગે ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. ઘટનાના ત્રણ દિવસ બાદ હુમલાખોર કો-પાઈલટની ઓળખ હમામ અલ-હમ્મામી તરીકે થઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હમામ અલ-હમ્મામી કટ્ટરપંથી વિચારધારા ધરાવતો હતો અને તેની આ માનસિકતાના કારણે જ ઓમાને અગાઉથી તેના વિમાન ઉડાડવા પર પ્રતિબંધ (બેન) મૂકી દીધો હતો. તેમ છતાં ફ્લાયદુબઈ એરલાઈન્સે તેને નોકરી પર રાખીને UAE અને ઈઝરાયેલ જેવા અત્યંત સંવેદનશીલ રૂટ પર વિમાન ઉડાડવાની જવાબદારી સોંપી દીધી હતી.બુધવારે બનેલી આ ઘટના બાદ ગુરુવારે સાઉદી અરેબિયા દ્વારા શકમંદ કો-પાઈલટને સંયુક્ત અરબ અમિરાત (UAE) ને સોંપવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈઝરાયલની તપાસ એજન્સીઓ અને તપાસકર્તાઓ UAE પહોંચીને આ કટ્ટરપંથી કો-પાઈલટની આકરી પૂછપરછ કરશે.આ ઘટના પાછળ કોઈ મોટું આતંકી કાવતરું, આંતરરાષ્ટ્રીય ઈશારો કે પૂર્વ આયોજિત પ્લાન હતો કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. UAE ના વિદેશ મંત્રાલય અને સત્તાવાર એજન્સીઓએ આ ઘટનાની તપાસ 'ટેરર એક્ટ' અને 'સેફ્ટી ઈન્સિડન્ટ' ના અંક હેઠળ શરૂ કરી દીધી છે.હવામાં મિડ-એર ડ્રામા સર્જાયો ત્યારે ફ્લાયદુબઈના જાંબાઝ ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર અને ક્રૂ મેમ્બર્સે અસાધારણ હિંમત દર્શાવી હતી. કો-પાઈલટે કોકપિટમાં કેપ્ટન પર ચપ્પુથી હુમલો કરી વિમાનને નીચે જમીન તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ, વિમાનમાં મુસાફરી કરી રહેલા અનામત (રિઝર્વ) પાઈલટ અને ક્રૂ મેમ્બર્સે મુસાફરોની મદદથી કટ્ટરપંથી કો-પાઈલટને કાબૂમાં લઈ લીધો હતો. ત્યારબાદ પ્લેનનું નોર્થ-વેસ્ટ સાઉદી અરેબિયાના તબૂક એરપોર્ટ પર સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું, જેથી 170 થી વધુ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સનો આબાદ બચાવ થયો હતો. UAE સરકારે કેપ્ટન સ્મિતને 'રીયલ હીરો' ગણાવ્યા છે.આ ઘટના બાદ એરલાઈન ક્ષેત્રે મોટો વિવાદ ઊભો થયો છે.

ઓમાને હમામ અલ-હમ્મામીની કટ્ટરપંથી પૃષ્ઠભૂમિને કારણે તેના પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં, આ માહિતી અન્ય દેશો કે એરલાઈન્સ સાથે શેર કરાઈ હતી કે કેમ અને ફ્લાયદુબઈએ બેકગ્રાઉન્ડ વેરિફિકેશન વિના તેને સંવેદનશીલ રૂટ પર ફ્લાઈટ કેમ સોંપી તે અંગે હવે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

તરંગ શક્તિ ૨૦૨૬: ૩૨ દેશોના નિરીક્ષકોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી, આરોગ્ય વન અને C-૨૯૫ ફેસિલિટીની મુલાકાત લીધી







તરંગ શક્તિ-૨૦૨૬: ભારતીય વાયુસેના આયોજિત આયોજિત બહુરાષ્ટ્રીય હવાઈ સરાવ 'એક્સરસાઈઝ ૨૦૨૬' તરંગ શક્તિ (#ExTarangShakti26) ના ભાગરૂપે, સરલાગી ૩૨ મિત્ર દેશોના પ્રતિનિધિઓ અને નિરીક્ષકોએ ગુજરાતની વિશેષ મુલાકાત લીધી હતી.

આ ઔધોગિક અને સાંસ્કૃતિક પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળે એકતાનગર ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી', 'આરોગ્ય વન' તેમજ વડોદરા સ્થિત 'ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ' (ઝ-૨૯૫ વિમાન ઉત્પાદન સુવિધા) નો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો.

ઉપરાંત, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડની ઝ-૨૯૫ એરોસ્પેસ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે વિદેશી ડેલિગેશને ભારતની સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન ક્ષમતા અને એરોસ્પેસ ક્ષેત્રે થઈ રહેલી આત્મનિર્ભર પ્રગતિને નજીકથી મૂલવી હતી.

આ મુલાકાતે વિવિધ દેશોના નિરીક્ષકોને એક જ મંચ પર લાવીને ભારતની વિવિધતા, સમૃદ્ધ વારસો અને ઉભરતી સંરક્ષણ ક્ષમતાઓથી માહિતગાર કર્યા હતા. આ આયોજનથી સહભાગી દેશો વચ્ચે પરસ્પર વિનિમય, દ્વિપક્ષીય સંબંધોની ગાઢતા અને ભવિષ્યની મજબૂત ભાગીદારી માટે એક સશક્ત પ્લેટફોર્મ પૂરું પડ્યું છે.

અખંડ ભારતના દ્રઢ સંકલ્પ અને ભાવનાના પ્રતીક સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દ્વારા વિદેશી પ્રતિનિધિઓએ ભારતની એકતાના સામર્થ્યને નિહાળ્યું હતું.

આ સાથે જ આરોગ્ય વનની મુલાકાતથી તેમણે સ્વાસ્થ્ય અને વેલનેસ પ્રત્યેના ભારતના પરંપરાગત તથા સર્વગ્રાહી દૃષ્ટિકોણની જાણકારી મેળવી હતી.

04-10-2026_39 Jan Fariyad_New_P-1

હોલસેલરના ૩૦૦૦૦ ના પેમેન્ટમાં ૪૫૦ નફામાંથી ૧૨૦ રૂ. તો ટેક્સમાં જતા રહેશે

અમદાવાદ,

ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સના વેપારીઓ દોઢ ટકાના માર્જિનમાં ધંધો કરતાં હોવાથી તેને ૩૦ હજાર રૂપિયાના યુપીઆઈના પેમેન્ટ પર ૪૫૦ રૂપિયા માર્જિન મળે છે. આ માર્જિનમાંથી ૩૦ હજાર રૂપિયાના પેમેન્ટ ઉપર ૦.૪ ટકાના દરે ૪૫૦ રૂપિયાના નફામાંથી ૧૨૦ રૂપિયા જીએસટી પેટે કપાઈ જાય તો વેપારીના નફો ઘટીને ૩૩૦ રૂપિયા થઈ જતો હોવાથી તેઓ યુપીઆઈથી ટ્રાન્ઝેક્શન કરવાનું બંધ કરી દેવાનું પસંદ કરશે. બીજીતરફ શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠનના વેપારીઓ કહે છે કે સરકારે વન નેશન વન ટેક્સની કરેલી વાત સાવ જ પોકળ છે.આજે યુપીઆઈથી કરવામાં આવતા પેમેન્ટની રકમમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની રકમ પણ આવી જ જાય છે. તેમ છતાં તે કુલ પેમેન્ટ પર ૦.૪ ટકાના દરે ટેક્સ ચાર્જ કરીને જીએસટીની રકમને પણ ફરીથી વેરાને પાત્ર બનાવી દઈને ટક્સ ઉપર ટેક્સ નાખવાની સમસ્યા ઊભી કરી દીધી છે. યુપીઆઈના માધ્યમથી ૭૫૦૦૦ રૂપિયાનું પેમેન્ટ કરે ત્યારે મહત્તમ ૩૦૦૦ રૂપિયાનો મહત્તમ ટેક્સ ભરવાનો આવે છે.

પરંતુ આ નાનો ટેક્સ એફએમસીજીના હોલસેલર્સના ૩૩ ટકા માર્જિન ચાઉ કરી જાય છે. નો પેમેન્ટ ડેના દિવસે જે વેપારીઓનો વિરોધ બુલંદ બનવા માંડ્યો છે.એફએમસીજીના હોલસેલર્સનું કહેવું છે કે એફએમસીજીના હોલસેલર્સ માત્ર ૫ ટકાના ગ્રોસ નફા પર કામ કરી રહ્યા છે. તેમાંથી ત્રણથી સાડા ત્રણ ટકા પગાર અને ડિલીવરીનો ખર્ચ આવે છે. આ ખર્ચને બાદ કરતાં વેપારીઓ પાસે દોઢ ટકો રકમ બચશે. યુપીઆઈના માધ્યમથી તેનું પેમેન્ટ થાય તો તેના પેમેન્ટ માટે પેમેન્ટની કુલ રકમમાંથી ૦.૪ ટકાના દરે ગણતરી માંડીએ તો ૪૫૦ રૂપિયાના નફામાંથી જીએસટીના ૧૨૦ રૂપિયા કપાઈ જશે. હોલસેલરનો નફો ઘટીને ૩૩૦ રૂપિયા થઈ જશે. વેપારી પાસે પોતાનું ગોદામ હોય તો જ આ રકમ ચોખ્ખા નફા તરીકે બચે છે.

પેસેન્જરના સ્વાંગમાં બેસી મુસાફરોના ખિસ્સા ખંખેરતી ટોળકી સક્રિય

અમદાવાદ,

અમદાવાદના ગીતા મંદિર અને કાલુપુર તરફથી આવતા મુસાફરોને ટાર્ગેટ કરતી લૂંટારું રીક્ષા ગેંગ ફરી સક્રિય થતાં નારોલ અને ઈસનપુર પોલીસ મથકમાં કુલ ૬૬,૨૦૦ રૂપિયાની ચોરીના ત્રણ અલગ-અલગ ગુના નોંધાયા છે. પેસેન્જરના સ્વાંગમાં અગાઉથી ગોઠવાયેલા સાગરીતો ભોગ બનનારને આગળ ડ્રાઇવરની સીટ પર બેસાડી, વાતોમાં પરોવી કે ધક્કામુક્કી કરી નજર ચૂકવી ખિસ્સામાંથી રોકડ રકમ સેરવી લે છે. નારોલ પોલીસે બે અને ઈસનપુર પોલીસે એક ગુનો નોંધી રૂટ પરના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની ધરપકડ માટે ચકો ગતિમાન કર્યા છે.

મૂળ યુપીના અને નારોલ પદમાવતીનગરમાં રહેતા ૩૪ વર્ષીય અનુપ પ્રજાપતિ ગત ૧૧મી ઓગસ્ટે રાત્રે ૧૦:૩૦ વાગ્યે વતન જવા શેઠ પાસેથી ઉપાડેલા પગારના ૩૦,૦૦૦ રૂપિયા ખિસ્સામાં મૂકી નારોલ સર્કલથી ભમ્મરિયા કૂવા જવા રીક્ષામાં બેઠા હતા. પાછળ બે ગઠિયા બેઠા હોવાથી ડ્રાઇવરે અનુપને આગળ બેસાડ્યો હતો. ગોકુલેશ પેટ્રોલ પંપ પાસે 'ભમ્મરિયા નહીં જવાય' કહી ઉતારી દીધા બાદ ખિસ્સું તપાસતાં રોકડ ગાયબ હોવાનું જણાતા નારોલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મૂળ બિહારના અને વટવા રહેતા ૩૫ વર્ષીય ધીરજકુમાર આઠમી સપ્ટેમ્બરે પગારના ૨૦,૦૦૦ રૂપિયા ખિસ્સામાં મૂકી નારોલ સર્કલથી વટવા જવા રીક્ષામાં બેઠા હતા. ચાલકે તેને આગળ બેસાડી 'સરખા બેસો' કહી વાતોમાં રાખ્યા હતા. પેટ્રોલ પંપ પાસે રીક્ષા બંધ પડતાં ચાલકે ધીરજ પાસે ૭-૮ વાર હેન્ડ પંપ મરાવ્યો હતો. રીક્ષા શરૂ થતાં જ ચાલકે તેને ઉતારી રીક્ષા હંકારી મૂકી હતી. બાદમાં ખિસ્સામાંથી ૨૦,૦૦૦ રૂપિયા ચોરાયાની જાણ થતાં નારોલ પોલીસમાં ગુનો નોંધાયો હતો.

સુરેન્દ્રનગરના લીંબડી GEBમાં કેશિયર તરીકે ફરજ બજાવતા ૩૭ વર્ષીય વાસુ પરમાર ૧૫મી ઓગસ્ટે બપોરે ૧૨:૩૦ વાગ્યે નારોલ સર્કલથી અમરાઈવાડી જવા રીક્ષામાં આગળ બેઠા હતા. થોડે દૂર જઈ 'રીક્ષા બંધ પડી ગઈ છે, ભાડું પણ નથી જોઈતું' કહી ચાલકે તેમને ઉતારી દીધા હતા.

વાસુભાઈએ તપાસતાં ખિસ્સામાંથી ૧૬,૨૦૦ રૂપિયા ગાયબ મળ્યા હતા, જેથી તેમણે ઈસનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ગુજરાતમાં ૧૮ નદી પર પુલનું કામ પૂર્ણ

અમદાવાદમાં સાબરમતી નદી પર ૧૨ માળ જેટલો ઊંચો પુલ બનીને તૈયાર

આધુનિક રીતે નિર્માણ પામેલા આ પુલમાં નદીના પ્રવાહને ન્યૂનતમ અવરોધાય તે રીતે પિયર્સની રચના કરાઈ છે

અમદાવાદ, તા.૩

અમદાવાદમાં સાબરમતી નદી પર ૪૮૦ મીટર લાંબા પુલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આશરે ૩૬ મીટર ઊંચો આ પુલ ૧૨ માળની ઈમારત જેટલો ઊંચો છે (આશરે ૧૧૮ ફૂટ) અને અમદાવાદમાં બુલેટ ટ્રેન કોરિડોરના મુખ્ય માળખાકીય કાર્યોમાંનો એક છે. આ પુલ પશ્ચિમ રેલવેની અમદાવાદ-દિલ્હી મુખ્ય રેલવે લાઇનની નજીક આવેલો છે, જે જમીન સ્તરથી આશરે ૧૪.૮ મીટરની ઊંચાઈ પર છે. આ પુલ સાબરમતી અને અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે આવેલો છે. તે સાબરમતી સ્ટેશનથી આશરે ૧ કિલોમીટર અને અમદાવાદ સ્ટેશનથી આશરે ૪ કિલોમીટરના અંતરે છે.

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનું અલાઈનમેન્ટ અમદાવાદમાં અનેક વર્તમાન માળખાકીય સુવિધાઓ, જેમ કે ફ્લાયઓવર, પુલ, રેલવે લાઈન અને મેટ્રો કોરિડોરને પાર કરે છે. હાલની માળખાકીય સુવિધાઓથી જરૂરી વર્ટિકલ ક્લિયરન્સ જાળવવા માટે સાબરમતી નદી પુલના પિયર્સની ઊંચાઈ વધુ રાખવામાં આવી છે.

આ પુલમાં ૦૮ સર્ક્યુલર પિયર્સ છે, જેનો વ્યાસ ૬ થી ૬.૫ મીટરની વચ્ચે છે. તેમાંથી ૦૪ પિયર્સ નદીના પટમાં, ૦૨ પિયર્સ નદીના બંને કિનારા પર—દરેક તરફ ૦૧, જ્યારે ૦૨ પિયર્સ નદીના કિનારાની બહાર આવેલા છે. પિયર્સની વ્યૂહાત્મક ગોઠવણીથી નદીના જળપ્રવાહમાં ઓછામાં ઓછો અવરોધ રહે તે સુનિશ્ચિત કરવામાં મદદ મળી છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરના મોટા ભાગના નદી પુલોમાં આશરે ૪૦ મીટરના નાના સ્પાન છે, જ્યારે સાબરમતી નદી પુલમાં ૫૦ થી ૭૬ મીટર સુધીના લાંબા સ્પાન બનાવવામાં આવ્યા છે. આથી નદીના પટમાં જરૂરી પિયર્સની સંખ્યા ઘટાડવામાં મદદ મળી છે.

આ પુલમાં ૭૬ મીટરના પાંચ સ્પાન અને ૫૦ મીટરના બે સ્પાનનો સમાવેશ થાય છે. દરેક સ્પાનમાં ૨૩ સેગમેન્ટ છે, જેનું કાસ્ટિંગ બાંધકામ સ્થળ પર જ ઈન-સિટુ કરવામાં આવ્યું છે. આ સેગમેન્ટના બાંધકામ માટે ઉચ્ચ સ્તરની પ્રિસિઝન એન્જિનિયરિંગ, કુશળ માનવબળ તેમજ દરેક તબક્કે ગુણવત્તાની ચકાસણી જરૂરી રહી છે.

પુલનું બાંધકામ બેલેન્સ્ડ કેન્ટિલીવર મેથડ દ્વારા કરવામાં આવ્યું છે. આ એક વિશિષ્ટ બાંધકામ પદ્ધતિ છે, જે નદીઓ અને ઊંડા જળમાર્ગો પર લાંબા સ્પાનવાળા પુલોના બાંધકામ માટે યોગ્ય છે. આ પદ્ધતિમાં પુલના ડેકની નીચે પરંપરાગત સ્કેફોલ્ડિંગ ઉભું કર્યા વિના સુપર-સ્ટ્રક્ચરનું બાંધકામ કરી શકાય છે. પિયર્સ પરથી સેગમેન્ટને ક્રમશઃ સ્થાપિત કરવામાં આવે છે અને પોસ્ટ-ટેન્શનિંગ દ્વારા તેમને જોડવામાં આવે છે. દરેક પિયરની બંને બાજુ સંતુલિત રીતે બાંધકામ કરીને એક સ્થિર અને સતત બ્રિજ ડેક તૈયાર કરવામાં આવે છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં કુલ ૨૫ નદી પુલ છે, જેમાંથી ૨૧ ગુજરાતમાં અને ૪ મહારાષ્ટ્રમાં છે. ગુજરાતમાં નિર્ધારિત ૨૧ નદી પુલોમાંથી ૧૮નું બાંધકામ હવે પૂર્ણ થઈ ગયું છે.

લાઘવિકા : શીર્ષકઃ જઠરાગ્નિ

કાકા, પેપર ફોડી આપું. ૫ લાખમાં ડૉક્ટર પાકો, દલાલે કહ્યું.

રમેશના બાપે ફાટેલું ખમીસ ખંખેર્યું. બેટા, તારી મા ખેતર વેચીને ભણાવે છે. લાંચના પૈસે ડૉક્ટર બનીશ તો દર્દીની નાડ કેમ પકડીશ? રમેશ રાતભર રડ્યો, વાંચતો રહ્યો. પરીક્ષા આપી. નાપાસ.

ત્રણ વર્ષે ફરી પાસ થયો. આજે સરકારી દવાખાનામાં છે. એક પણ દર્દી પાસે 'ફી' માંગતો નથી.

ગામલોકો કહે છે,

મેઘાણીનો જઠરાગ્નિ હજી બુઝાયો નથી. એ રમેશના કાળજામાં સળગે છે.

: લઘુવિકા :

શીર્ષક: જઠરાગ્નિ

: કહેવત :

શીર્ષક : ' જ્યાં સંતોષ ત્યાં સ્વર્ગ, જ્યાં લોભ ત્યાં નર્ક '



સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (યુ એસ એ)

કહેવત

શીર્ષકઃ- જ્યાં સંતોષ ત્યાં સ્વર્ગ, જ્યાં લોભ ત્યાં નર્ક

સ્વર્ગની લોકપ્રિય વ્યાખ્યાઃ-

સામાન્ય માન્યતા મુજબ સ્વર્ગ એ ઈશ્વરનું ધામ છે - જ્યાં મૃત્યુ પછી પુણ્યશાળી આત્મા જાય છે. ત્યાં કલ્પવૃક્ષ છે, અપ્સરાઓ નૃત્ય કરે છે, દુઃખ-દર્દ નથી, ફક્ત સુખ જ સુખ છે. અમૃત પીવાય છે, નંદનવનમાં વિહાર થાય છે.

દરેક ધર્મે પોતાની રીતે સ્વર્ગનું વર્ણન કર્યું છે - હિંદુઓનું સ્વર્ગલોક, મુસ્લિમોની જન્નત, ખ્રિસ્તીઓનું હેવન.

તો શું સ્વર્ગ કલ્પના છે?

હા, તર્કની દૃષ્ટિએ સ્વર્ગ એક મનોવૈજ્ઞાનિક કલ્પના છે. માણસને મૃત્યુનો ભય છે, અન્યાયનો ડર છે, જીવનના દુઃખથી ત્રાસ છે. એ ભય અને દુઃખમાંથી છુટવા મન એક સુંદર દુનિયાની કલ્પના કરે છે - જ્યાં ન્યાય મળે, સુખ મળે, અમરતા મળે. એ કલ્પનાનું નામ સ્વર્ગ.

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે સ્વર્ગ કામચલાઉ છે - 'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ'. પુણ્ય ખૂટે એટલે પાછા મૃત્યુલોકમાં આવવું પડે. જે કાયમી નથી તે સત્ય કેવી રીતે હોય?

સ્વર્ગની કલ્પના કેમ જરૂરી?

સ્વર્ગની કલ્પના સમાજને નીતિમાન રાખવા માટેનું સાધન છે. ×સારું કરશો તો સ્વર્ગ મળશે, ખરાબ કરશો તો નર્ક× - આ ભય અને લાલચથી માણસ પાપ કરતા અટકે છે. ગરીબ માણસને આશા મળે કે ×અહીં દુઃખ છે, પણ મર્યા પછી સુખ મળશે×. આશા એને જીવતો રાખે છે. એટલે સ્વર્ગ ધર્મનો 'પ્રેરક' છે.

સંતોની દૃષ્ટિઃ સ્વર્ગ ક્યાં છે?

જ્ઞાનીઓ કહે છે - સ્વર્ગ-નર્ક બહાર નથી, મનની અંદર છે. મન પ્રસન્ન હોય તો ઝૂંપડી પણ સ્વર્ગ છે, મનમાં ક્લેશ હોય તો મહેલ પણ નર્ક છે. નરસિંહ મહેતાએ ગાયું: 'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' - બીજાના દુઃખ દૂર કરે એ જ સ્વર્ગમાં છે. જીવનમુક્તિ એ જ સાચું સ્વર્ગ છે. જ્યાં રાગ-દ્વેષ નથી, 'હું-મારું' નથી, ત્યાં જ સ્વર્ગ છે.


સારાંશઃ-

સ્વર્ગ ભૌગોલિક સ્થળ તરીકે કલ્પના હોઈ શકે, પણ ભાવનાત્મક અવસ્થા તરીકે સત્ય છે. બહાર શોધવાથી નહીં મળે. જ્યારે મન નિર્મળ થાય, સ્વાર્થ છૂટે, સેવા જાગે ત્યારે આ જ પૃથ્વી સ્વર્ગ બને છે. મોક્ષ માટે સ્વર્ગ છોડવું પડે, કારણ કે સ્વર્ગમાં પણ વાસના શેષ રહે છે.

અંતેઃ-

સ્વર્ગની રાહ ન જુઓ, સ્વર્ગ બનાવો. 'દલા તરવાડી' લૂંટનારા માટે નર્ક અહીં જ છે, 'બે ચાર રીંગણાં' થી સંતોષ માનનારા માટે સ્વર્ગ અહીં જ છે.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (યુ એસ એ)



Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

04-10-2026_39 Jan Fariyad_New_P-2